# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 22-05-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : FRIDAY** **National News**

## આકાશવાણી સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

***************************************************

1) ભારત અને સાયપ્રસે આતંકવાદ વિરોધી, નવીનતા અને ટેકનોલોજી, ઉચ્ચ શિક્ષણ સહિત વિવિધ ક્ષેત્રોમાં અનેક કરારોનું આદાનપ્રદાન કર્યું.
2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે 19મા વાર્ષિક રોજગાર મેળામાં વિડીયો કોન્ફરન્સથી 51 હજારથી વધુ યુવાનોને નિમણૂક પત્રો સોંપશે.
3) ચૂંટણી પંચે દસ રાજ્યોની 24 રાજ્યસભા બેઠકો માટે દ્વિવાર્ષિક ચૂંટણીનું સમયપત્રક જાહેર કર્યું.
4) CBSE એ ધોરણ 12 બોર્ડ પરીક્ષાની ઉત્તરવહીઓની સ્કેન કરેલી નકલો મેળવવાની અંતિમ તારીખ એક દિવસ વધારી
5) છેલ્લા ચાર દિવસમાં દેશની વીજળીની માંગમાં રેકોર્ડ વધારો જોવા મળ્યો
6) iPL ક્રિકેટમાં, સનરાઇઝર્સ હૈદરાબાદ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે મુકાબલો

.............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# INDIA-CYPRUS

ભારત અને સાયપ્રસે આજે નવી દિલ્હીમાં આતંકવાદ વિરોધી, નવીનતા અને ટેકનોલોજી, ઉચ્ચ શિક્ષણ અને સંશોધન અને સાંસ્કૃતિક સહયોગ પર સંયુક્ત કાર્યકારી જૂથની સ્થાપના સહિત વિવિધ ક્ષેત્રોમાં અનેક કરારોનું આદાનપ્રદાન કર્યું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સાયપ્રસના રાષ્ટ્રપતિ નિકોસ ક્રિસ્ટોડોલિડ્સ સાથે વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગને મજબૂત બનાવવા અંગે ચર્ચા કરી. તેમણે બહુપક્ષીય મંચોમાં સહયોગ સહિત પ્રાદેશિક અને વૈશ્વિક મહત્વના મુદ્દાઓ પર પણ વિચારોનું આદાનપ્રદાન કર્યું. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે બેઠક દરમિયાન તેઓએ વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરી હતી.

## ( બાઈટ - PM MDOI - કેપિટલ )

સાયપ્રસના રાષ્ટ્રપતિ નિકોસ ક્રિસ્ટોડોલિડ્સે જણાવ્યું હતું કે બંને રાષ્ટ્રો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો અને યુરોપિયન યુનિયન-ભારત સંબંધોએ છેલ્લા વર્ષમાં નોંધપાત્રપ્રગતિ કરી છે.

# JOSHI-SURYA GHAR

કેન્દ્રીય નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રી પ્રહલાદ જોશીએ જણાવ્યું હતું કે ભારત હવે પીએમ સૂર્ય ઘર: મફ્ત વીજળી યોજના હેઠળ માત્ર આઠ દિવસમાં એક લાખ વધારાના ઘરો ઉમેરી રહ્યું છે. એક સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી જોશીએ જણાવ્યું હતું કે આ રાષ્ટ્રની સ્વચ્છ ઉર્જા ચળવળની વધતી ગતિ અને દેશભરમાં રૂફટોપ સોલારના ઝડપી સ્વીકાર્યતાને પ્રતિબિંબિત કરે છે. મંત્રીએ કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ ભારતની રૂફટોપ સોલાર ક્રાંતિ ઝડપથી આગળ વધી રહી છે.

# PM ROZGAR MELA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે 19મા વાર્ષિક રોજગાર મેળામાં વિડીયો કોન્ફરન્સ દ્વારા વિવિધ સરકારી વિભાગો અને સંગઠનોમાં 51 હજારથી વધુ યુવાનોને નિમણૂક પત્રો સોંપશે. આ તકે શ્રી મોદી સભાને પણ સંબોધિત કરશે.આ રોજગાર મેળો દેશભરમાં 47 સ્થળોએ યોજાશે. દેશના તમામ ભાગોમાંથી પસંદ કરાયેલા આ યુવાનો ભારત સરકારના વિવિધ મંત્રાલયો અને વિભાગોમાં હોદ્દા સંભાળશે, જેમાં રેલ્વે મંત્રાલય, ગૃહ મંત્રાલય, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, નાણાકીય સેવાઓ વિભાગ અને ઉચ્ચ શિક્ષણ વિભાગનો સમાવેશ થાય છે

**(બાઈટ – ROZGAR MELA)**

# AYUSHMAN BHARAT

આયુષ્માન ભારત ડિજિટલ મિશને 100 કરોડથી વધુ આરોગ્ય રેકોર્ડને આયુષ્માન ભારત આરોગ્ય ખાતા (ABHA) સાથે સફળતાપૂર્વક લિંક કરીને એક મોટો સીમાચિહ્ન હાંસલ કર્યો છે. આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે લિંક્ડ આરોગ્ય રેકોર્ડની સંખ્યા ગયા વર્ષે ફેબ્રુઆરીમાં 50 કરોડથી બમણી થઈને માત્ર 15 મહિનામાં 100 કરોડથી વધુ થઈ ગઈ છે. તેમાં કહેવામાં આવ્યું છે કે લગભગ 10 કરોડ આરોગ્ય રેકોર્ડ હવે દર બે થી ત્રણ મહિને લિંક થઈ રહ્યા છે.

મંત્રાલયે માહિતી આપી હતી કે 450 થી વધુ જાહેર અને ખાનગી આરોગ્ય ટેકનોલોજી સોલ્યુશન્સ ABDM ઇકોસિસ્ટમ સાથે સફળતાપૂર્વક સંકલિત થયા છે, જેનાથી આરોગ્ય સુવિધાઓમાં ડિજિટાઇઝેશન અને આરોગ્ય રેકોર્ડના સીમલેસ વિનિમયને વેગ મળ્યો છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, ઉત્તર પ્રદેશ 15 કરોડથી વધુ ABHA-લિંક્ડ આરોગ્ય રેકોર્ડ્સ સાથે અગ્રણી યોગદાન આપનાર તરીકે ઉભરી આવ્યું છે, ત્યારબાદ આંધ્ર પ્રદેશ લગભગ 12 કરોડ લિંક્ડ રેકોર્ડ્સ સાથે આવે છે.

આ સીમાચિહ્ન સરકારી આરોગ્ય કાર્યક્રમો, રાજ્ય આરોગ્ય પ્લેટફોર્મ, જાહેર ડિજિટલ સિસ્ટમ્સ અને ખાનગી આરોગ્ય ટેકનોલોજી ભાગીદારોમાં આયુષ્માન ભારત ડિજિટલ મિશનના વધતી સ્વીકાર્યતાને પ્રતિબિંબિત કરે છે

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/**GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલોૅ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# EC - BIENNIAL ELECTION

ચૂંટણી પંચે આજે દસ રાજ્યોની 24 રાજ્યસભા બેઠકો માટે દ્વિવાર્ષિક ચૂંટણીનો સમયપત્રક જાહેર કર્યો છે. ભૂતપૂર્વ વડાપ્રધાન એચ.ડી. દેવગૌડા, કેન્દ્રીય પ્રધાનો જ્યોર્જ કુરિયન અને રવનીત સિંહ સહિત અનેક સભ્યોનો કાર્યકાળ આવતા મહિને સમાપ્ત થઈ રહ્યો છે. આંધ્રપ્રદેશ, ગુજરાત અને કર્ણાટકમાં ચાર, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં ત્રણ, ઝારખંડમાં બે અને મણિપુર, મેઘાલય, અરુણાચલ પ્રદેશ અને મિઝોરમમાં એક-એક બેઠક માટે ચૂંટણી યોજાશે. આ જાહેરનામું 1 જૂને બહાર પાડવામાં આવશે અને 18 જૂને મતદાન થશે. મતગણતરી પણ તે જ દિવસે થશે.

પંચે મહારાષ્ટ્ર અને તમિલનાડુમાં રાજ્યસભાની બેઠક માટે પેટાચૂંટણીની પણ જાહેરાત કરી હતી.

# CBSE LASTDATE

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) એ ધોરણ 12 બોર્ડ પરીક્ષાની ઉત્તરવહીઓની સ્કેન કરેલી નકલો મેળવવાની અંતિમ તારીખ એક દિવસ વધારીને 24 મે કરી છે. CBSE એ તેની વેબસાઇટ પર અરજીઓમાં વધારો અને ટેકનિકલ ખામીઓને કારણે આ નિર્ણય લીધો છે, બોર્ડે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓને તેમની ઉત્તરવહીઓની સ્કેન કરેલી નકલો મળ્યા પછી પુનઃમૂલ્યાંકન માટે અરજી કરવા માટે બે દિવસનો સમય મળશે.

# ELECTRICITY DEMAND

સરકારે જણાવ્યું છે કે છેલ્લા ચાર દિવસમાં દેશની વીજળીની માંગમાં રેકોર્ડ વધારો જોવા મળ્યો છે. દેશના ઘણા ભાગોમાં તાપમાન સતત વધી રહ્યું છે. વીજળી મંત્રાલયે જણાવ્યું હતું કે ગઈકાલે દિવસની વીજળીની માંગ અગાઉના તમામ રેકોર્ડ તોડીને 270.82 ગીગાવોટ પર પહોંચી ગઈ હતી. બુધવારે, તે 265 ગીગાવોટને વટાવી ગઈ હતી, જ્યારે સોમવાર અને મંગળવારે, દિવસની વીજળીની માંગ અનુક્રમે 257 અને 260 ગીગાવોટ હતી. બપોરે 2 થી 4 વાગ્યાની વચ્ચે વીજળીની માંગ ટોચ પર હોય છે. મંત્રાલયે જણાવ્યું હતું કે તે માંગ મુજબ વીજળી પૂરી પાડવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. મંત્રાલયે નાગરિકોને વીજળીનો કરકસર અને વિવેકપૂર્ણ ઉપયોગ કરવા વિનંતી કરી હતી.

# NHAI-NGI MoU

નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા (NHAI) એ ટનલ એન્જિનિયરિંગ, સ્લોપ સ્ટેબિલિટી અને ક્ષમતા નિર્માણમાં એડવાન્સ્ડ કન્સલ્ટન્સી સપોર્ટ માટે નોર્વેજીયન જીઓટેકનિકલ ઇન્સ્ટિટ્યૂટ (NGI) સાથે સમજૂતી કરાર કર્યા છે. માર્ગ પરિવહન અને હાઇવે મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે આ સહયોગ NHAI ની જીઓટેકનિકલ એન્જિનિયરિંગ અને કુદરતી જોખમ ઘટાડામાં NGI ની આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત કુશળતાનો ઉપયોગ કરીને ભારતના રાષ્ટ્રીય ધોરીમાર્ગોને વૈશ્વિક ધોરણો અનુસાર વિકસાવવા અને જાળવવાની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. સમજૂતી કરાર હેઠળ, બંને સંસ્થાઓ કુદરતી જોખમો ઘટાડવા સંબંધિત સંશોધન અને વિકાસ પહેલ પર સહયોગ કરશે.

મંત્રાલયે જણાવ્યું હતું કે આ સમજૂતી કરાર પાંચ વર્ષના સમયગાળા માટે માન્ય રહેશે. આ ભાગીદારી ભારત અને નોર્વે વચ્ચે માળખાગત વિકાસ, ટેકનોલોજી વિનિમય અને ટકાઉ એન્જિનિયરિંગ પ્રથાઓના ક્ષેત્રમાં વધતા સહકારને પ્રતિબિંબિત કરે છે, દ્વિપક્ષીય સંબંધોને વધુ ગાઢ બનાવે છે અને લાંબા ગાળાના સંસ્થાકીય સહયોગને પ્રોત્સાહન આપે છે.

# MAHA-SIR PROGRAMME

મહારાષ્ટ્રના મુખ્ય ચૂંટણી અધિકારી એસ. ચોકલિંગમે આજે મતદાર યાદીઓના ખાસ સઘન સુધારા (SIR) માટેના કાર્યક્રમની જાહેરાત કરી. એક પત્રકાર પરિષદમાં તેમણે જણાવ્યું હતું કે આગામી મહિનાની 20મી તારીખથી 7 ઓક્ટોબર દરમિયાન લગભગ 98.6 મિલિયન મતદારોની વિગતોની ચકાસણી એક લાખથી વધુ ક્ષેત્ર-સ્તરીય અધિકારીઓ દ્વારા કરવામાં આવશે.

30 જૂનથી 29 જુલાઈ સુધી, અધિકારીઓ દરેક મતદારના ઘરે જઈને ગણતરી ફોર્મ એકત્રિત કરશે અને પૂરી પાડવામાં આવેલી માહિતીની ચકાસણી કરશે. મુસદ્દો મતદાર યાદી 5 ઓગસ્ટે પ્રકાશિત કરવામાં આવશે. દાવાઓ અને વાંધા 5 ઓગસ્ટથી 4 સપ્ટેમ્બર દરમિયાન દાખલ કરી શકાય છે, નિકાલ 3 ઓક્ટોબર સુધીમાં કરવામાં આવશે. અંતિમ મતદાર યાદી 7 ઓક્ટોબરે પ્રકાશિત કરાશે.

શ્રી ચોકલિંગમે ખાતરી આપી હતી કે સમગ્ર પ્રક્રિયા રાજ્યભરમાં સંપૂર્ણ પારદર્શક રીતે હાથ ધરવામાં આવશે

# IPL

IPL ક્રિકેટમાં, આજે  હૈદરાબાદમાં સનરાઇઝર્સ હૈદરાબાદ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે મેચ રમાઈ રહી છે. જેમાં સનરાઇઝર્સ હૈદરાબાદ એ ટોસ જીતી બેટિંગ પસંદ કરી છે. છેલ્લા અહેવાલ મળ્યા ત્યારે સનરાઇઝર્સ હૈદરાબાદએ 5 ઓવરમાં 1 વિકેટે 52 રન બનાવ્યા છે.

ઉલ્લેખનીય છે કે, બેંગ્લોર પોઈન્ટ ટેબલમાં આગળ છે, જ્યારે ત્રીજા સ્થાને રહેલ હૈદરાબાદ મોટી જીત સાથે ટોચના બેમાં સ્થાન મેળવવાનો પ્રયાસ કરશે. બંને ટીમો પહેલાથી જ પ્લેઓફ માટે ક્વોલિફાય થઈ ગઈ છે.

# MUMBAI-RBI

મુંબઈમાં RBI ગવર્નર સંજય મલ્હોત્રાની અધ્યક્ષતામાં આજે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના સેન્ટ્રલ બોર્ડ ઓફ ડિરેક્ટર્સની 623મી બેઠક યોજાઈ હતી. બોર્ડે વૈશ્વિક અને સ્થાનિક આર્થિક પરિસ્થિતિની સમીક્ષા કરી હતી, જેમાં ભવિષ્યના જોખમોનો સમાવેશ થાય છે, અને નાણાકીય વર્ષ 2025-26 માટે RBIના વાર્ષિક હિસાબો પર ચર્ચા કરવામાં આવી હતી. RBI અનુસાર, બેંકની કુલ આવક પાછલા વર્ષ કરતાં 26.42 ટકા વધી છે, જ્યારે જોખમ જોગવાઈઓ પહેલાં ખર્ચ 27.60 ટકા વધ્યો છે. નાણાકીય વર્ષ 2025-26માં જોખમ જોગવાઈઓ પહેલાં ચોખ્ખી આવક અને વૈધાનિક ભંડોળમાં ટ્રાન્સફર 3.95 લાખ કરોડ રહ્યું હતું, જે નાણાકીય વર્ષ 2024-25માં 3.13 લાખ કરોડ રૂપિયા હતું.

31 માર્ચ,2026 સુધીમાં RBI ની બેલેન્સશીટ 20.61 ટકા વધીને 91.97 લાખ કરોડ રૂપિયા થઈ ગઈ. સેન્ટ્રલ બોર્ડે 2025-26ના હિસાબી વર્ષ માટે કેન્દ્ર સરકારને 2.86 લાખ કરોડ રૂપિયાના સરપ્લસ ટ્રાન્સફરને મંજૂરી આપી. સુધારેલા આર્થિક મૂડી માળખા હેઠળ RBI બેલેન્સશીટના 6.5 ટકા બફર જાળવી રાખીને 1.09 લાખ કરોડ રૂપિયા કન્ટિજન્ટ રિસ્ક બફરમાં ટ્રાન્સફર કરવાનો પણ નિર્ણય લીધો.